# રાજયમાં કોરોનાનાં નવા ૨૦૪, ઓમિક્રોનના ૨૪ કેસ

## અમદાવાદમાં કુલ ૧૦૦ કેસ નોંધાતા ભારે ફફડાટ : ૬૫ દર્દીઓ સાજા પણ થયા છે : અત્યાર સુધીમાં કુલ ૮,૧૮,૩૬૩ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે

ગાંધીનગર, તા.૨૭

ગુજરાતમાં કોરોનાના આંકડાઓ રોજે રોજ પોતાનો જ રેકોર્ડ તોડી રહ્યા હોય તેમ લાગી રહ્યું છે. રાજયમાં આજે કોરોનાનાં ૨૦૪ નવા કેસ નોંધાયા છે. તો બીજી તરફ માત્ર ૬૫ દર્દીઓ સાજા પણ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૮,૧૮,૩૬૩ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ ગગડીને ૯૮.૬૫ ટકાએ પહોંચ્યો છે. બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજયમાં  ાજે ૪,૦૨,૧૩૬ રસીના ડોઝ આપવામાં આવ્યા છે. એક્ટિવ કેસની વાત કરીએ તો રાજયમાં હાલ ૧૦૮૬ એક્ટિવ કેસ છે. જે પૈકી ૧૪ નાગરિકો વેન્ટિલેટર પર છે. ૧૦૭૨ સ્ટેબલ છે. ૮,૧૮,૩૬૩ ડીસ્ચાર્જ થઈ ચુક્યાં છે. અત્યાર સુધીમાં કુલ ૧૦૧૧૪ નાગરિકોનાં કોરોનાને કારણે મોત થઈ ચુક્યાં છે. આજે કોરોનાને કારણે જામનગર કોર્પોરેશનમાં એખ દર્દીનું મોત થયું છે. નવા નોંધાયેલા કેસની વાત કરીએ તો અમદાવાદ કોર્પોરેશનમાં ૯૮, રાજકોટ કોર્પોરેશન ૩૩, સુરત કોર્પોરેશન ૨૨, વડોદરા કોર્પોરેશન ૧૬, ગાંધીનગર કોર્પોરેશન, ખેડામાં ૪-૪, મહીસાગર-રાજકોટમાં ૩-૩, અમદાવાદ, આણંદ, ભરૂચ અને કચ્છમાં ૨-૨, બનાસકાંઠા, ભાવનગર કોર્પોરેશન, દાહોદ, જામનગર કોર્પોરેશન, જુનાગઢ કોર્પોરેશન, મહેસાણા, નવસારી, પંચમહાલ, સુરત, સુરેન્દ્રનગર, વડોદરા અને વલસાડમાં ૧-૧ કેસ નોંધાયા છે.

બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. આજે હેલ્થકેર વર્કર અને ફ્રન્ટલાઈન વર્કર પૈકી ૭ને પ્રથમ, ૨૫૫૮ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૪૫ વર્ષથી વધારેની ઉંમરના ૧૩૯૪૪ નાગરિકોને રસીનો પ્રથમ અને ૮૭૧૧૮ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૧૮-૪૫ વર્ષના નાગરિકો પૈકી ૪૪૩૮૦ ને પ્રથમ ૨૫૪૧૨૯ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાયો હતો. આ પ્રકારે આજના દિવસમાં ૪,૦૨,૧૩૬ રસીના ડોઝ આજે અપાયા હતા. અત્યાર સુધીમાં કુલ ૮,૮૫,૯૮,૩૬૬ રસીના ડોઝ અપાઈ ચુક્યાં છે.

## શ્રી મોટા બાવન કડવા પાટીદાર સમાજનો વાર્ષિક સ્નેહમિલન યોજાયો

ગાંધીનગર, તા.૨૭

શ્રી મોટા બાવન કડવા પાટીદાર સમાજનો વાર્ષિક સ્નેહમિલન અને ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. જે યોગેશભાઈ એસ. પટેલ અને ડૉ.મુકેશભાઈ જે. પટેલ ઉપસ્થિત રહ્યા હતા તથા સહ ભોજનદાતા તરીકે કેપિટલ ફલેકસ બેનરવાળા જયંતિભાઈ અને મનુભાઈ પટેલ




સહજાનંદ એચીવર સ્કુલ, ચિલોડા ખાતે યોજાયો હતો. આ સ્નેહમિલનમાં મુખ્ય મહેમાન તરીકે દિનેશભાઈ ચોકલેટવાળા અને રાજપથ કલબના ડાયરેકટર નૈનેશકુમાર બી.પટેલ હાજર રહ્યા હતા.

અતિથિ વિશેષ તરીકે સહજાનંદ એચીવર સ્કૂલના ટ્રસ્ટી બીપીનભાઈ જે. પટેલ, અનુપથ ડેવલોપર્સના દીપકભાઈ પટેલ, પાલનપુર ખાતે હોસ્પિટલ ધરાવતા હાજર રહ્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ચિરાગભાઈ પટેલ અને પ્રમુખ રમણભાઈ પટેલે કર્યું હતું. આ કાર્યક્રમના અધ્યક્ષ અમરતલાલ દ્વારા જરુરી સૂચનો આપવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા પ્રમુખ રમણભાઈ પટેલે ભારે જહેમત ઉઠાવી હતી તથા સમગ્ર ટીમ દ્વારા ખૂબ સારો સહકાર આપવામાં આવ્યો હતો.

# કોરોનાના કેસ વધતાં સ્કૂલોમાં વિદ્યાર્થીઓની હાજરી ઘટી

## ઓનલાઈન અભ્યાસ પહેલી પસંદ : કોરોનાના કેસોમાં વધારો, પરિણામે વાલીઓ બાળકોને સ્કૂલે મોકલવામાં ખચકાટ અને ભય અનુભવી રહ્યા છે

અમદાવાદ,તા.૨૭

કોરોનાના કેસોની સંખ્યા ઘટતાં રાજ્યમાં સ્કૂલો તબક્કાવાર શરૂ કરવામાં આવી હતી. પરંતુ છેલ્લા થોડા દિવસથી કોરોનાના કેસ સતત વધી રહ્યા છે. ઉપરાંત કોરોનાના નવા વેરિયંટ ઓમિક્રોનના કેસમાં પણ વધારો નોંધાઈ રહ્યો છે. એવામાં શાળામાં વિદ્યાર્થીઓની હાજરી ઘટતી દેખાઈ રહી છે. નિષ્ણાતોનું માનીએ સોમવારથી વિદ્યાર્થીઓની સંખ્યા હજી ઘટશે. રાજ્યમાં કોરોનાના કેસ વધતાં આઠ મહાનગરોમાં રાત્રિ કર્ફ્યૂના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. આ તરફ વિવિધ શહેરોની સ્કૂલોમાં વિદ્યાર્થીઓ કોરોના સંક્રમિત થયાના કિસ્સા પણ વધી રહ્યા છે. આ કારણે પણ વાલીઓ પોતાના સંતાનોને સ્કૂલે મોકલવાનું ટાળી રહ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, હવે વિદ્યાર્થીઓ ઓફલાઈનના બદલે ઓનલાઈન અભ્યાસ પર પસંદગી ઉતારી રહ્યા છે. પરિણામે સ્કૂલોમાં પ્રત્યક્ષ હાજરીમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. રાજ્યમાં કોરોનાના કેસ સતત વધી રહ્યા છે એમાં પણ ઓમિક્રોનના કેસોની સંખ્યા વધતાં લોકોમાં ડર વધ્યો છે. છેલ્લા બે દિવસથી રાજ્યમાં કોરોનાના કેસ ૧૭૦ને પાર ગયા છે. નિષ્ણાતોનું માનીએ તો આગામી દિવસોમાં કોરોનાના કેસ હજી પણ વધશે અને ફેબ્રુઆરીમાં ત્રીજી લહેર આવી શકે છે. આ સ્થિતિને કારણે જ વાલીઓમાં ભારે ડર જોવા મળી રહ્યો છે. મીડિયા રિપોર્ટ પ્રમાણે, અમદાવાદની નિરમા સ્કૂલ, ઉદ્ગમ સ્કૂલ, સત્વ વિકાસ સ્કૂલ અને મહારાજા અગ્રસેન સ્કૂલમાં પણ કોરોનાના કેસ સામે આવ્યા હતા. આ ઉપરાંત વડોદરા, રાજકોટ, સુરત સહિતના શહેરોની સ્કૂલોમાં પણ કોરોનાના કેસ સામે આવ્યા હતા. સુરત અને રાજકોટની સ્કૂલોમાં વધુ કેસ સામે આવતાં ભયનો માહોલ છે અને જે વાલીઓએ અગાઉ બાળકોને સ્કૂલમાં મોકલવાની સંમતિ આપી હતી તેઓ પણ હવે પીછેહઠ કરી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. વિદ્યાર્થીઓની હાજરી સ્કૂલોમાં સતત ઘટી રહી છે અને મોટાભાગની સ્કૂલોમાં ફરી ઓનલાઈન વર્ગો શરૂ થયા છે. વાલીઓમાં પ્રત્યક્ષ શિક્ષણ માટે બાળકોને મોકલતા ડરી રહ્યા છે અને ઓનલાઈન અભ્યાસનો વિકલ્પ ફરી પસંદ કરી રહ્યા છે. જેના પગલે ઘણી સ્કૂલોમાં વર્ગદીઠ માત્ર ચાર-પાંચ બાળકોની હાજરી જોવા મળે છે. કોરોનાના કેસ ઘટતાં સ્કૂલોમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધી હતી પરંતુ હવે ત્રીજી લહેરની આશંકા વચ્ચે સ્કૂલોમાં હાજરી સતત ઘટી રહી છે.



## ૨૫૦ શિક્ષકોને ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ આપવાનો નિર્ણય કરાયો

ગાંધીનગર જિલ્લામાં ગુડ ગવર્નન્સ અંતર્ગત જિલ્લાકક્ષાએ શિક્ષણ વિભાગમાં આવેલા બધાજ તાલુકાના ઉચ્ચકક્ષાના પગારધોરણના ૨૫૦ જેટલા કેસોની તમામ કામગીરી આજે એક દિવસમાં પૂર્ણ કરવામાં આવી હતી.

## ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજ ગાંધીનગર દ્વારા વિશિષ્ઠ સન્માન સમારો યોજાયો



ગાંધીનગર સ્થિત ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજ આયોજિત સ્નેહમિલન અને તેજસ્વી તારલાઓને સન્માન સમારોહ શિહોલીમોટી સ્થિત વિશાળ-અદ્યતન સુવિધાયુક્ત માવતર પાર્ટી પ્લોટ ખાતે રંગડાયરો-હેમુદાન ગઢવી કલાવૃંદ કાર્યક્રમ સહિત વિશેષ શ્રેષ્ઠ દાતાઓનું, નવ નિયુક્ત સરપંચ ચિલોડા મોટા, ચંદ્રાલા, ૨૩ વર્ષીય યુવા સરપંચ અર્પિત પટેલ શાહપુર, સોનાસણ, અનવરપુરા, જીંજવા ગામના પ્રથમ નાગરિક તરીકે મહાનુભાવોના હસ્તે શાલ ઓઢાડી ઉમિયામાતાજીનો ખેસ પહેરાવી ભેટ અર્પણ કરી વિશિષ્ટ બહુમાન કરાવામાં આવ્યું. જેમાં સમાજના અગ્રણી, એ.પી.એમ.સી.ના ચેરમેન અશોકભાઈ પટેલ, વકીલ સહિત સમાજના પ્રમુખ જીતેન્દ્રભાઈ કે. પટેલ, મંત્રી કૃણાલભાઈ પટેલ, માવતર પાર્ટી પ્લોટના મુખ્ય રાજેન્દ્ર પટેલ, સંજય પટેલ, શુભ પટેલ, કારોબારી સભ્યો, પૂર્વ કોર્પોરેટર રમેશ પટેલ, કોર્પોરેટર કિંજલકુમાર, સહિત દાતાઓ અને સમાજના પ્રતિષ્ઠિત વડીલો, યુવાનો, મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પેપર ખરીદનારા ઉમેદવારો જેલમાં, પૈસા આપનાર વાલીઓ ગુનેગાર નથી..??

## પેપર લીક પ્રકરણ - જિલ્લામાં ઉચ્ચ પોલીસ અધિકારીઓ વચ્ચે તડાં પડ્યાની ચર્ચા : પ્રેસ કોન્ફરન્સમાં તપાસ અધિકારી ક્યાંય દેખાતા નથી

બાયડ, તા. ૨૭

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા યોજાયેલી હેડક્લાર્ક વર્ગ-૩ પરીક્ષાનું પ્રશ્નપત્ર મીડીયાને વિગતો આપવામાં ગલ્લાં તલ્લાં થતાં જિલ્લામાં ઉચ્ચ પોલીસ અધિકારીઓ વચ્ચે તડાં પડ્યાની ચર્ચા ગાંધીનગર રેન્જ સુધી તેમને પેપર ખરીદવા લાખો રૂપિયા આપનારાવાલીઓ સામે પોલીસ કેમ તપાસ શરૂ કરતી નથી..?? તેવા અનેક સવાલો ઉભા થયો છે.

### પોલીસ અધિકારીઓ વચ્ચે ઉમદા સંકલન : પોલીસ વડા

છેલ્લા ૨ દિવસથી પેપર લીક પ્રકરણમાં તપાસ કરી રહેલા ઉચ્ચ પોલીસ અધિકારીઓ વચ્ચે સંકલનનો અભાવ હોવાની લોકચર્ચા જાગી છે ત્યારે જિલ્લા પોલીસ વડા નિરજ બડગુજરે તેને પાયા વિહોણી વાત ગણાવી. તપાસ અધિકારી ખુબ જ ચીવટ રાખીને તપાસ કરી રહ્યા છે અને સંપૂર્ણ સંકલનથી કામ થઈ રહ્યું છે તેમ જણાવ્યું હતું.

### લીક થયેલું પેપર ૪ થી વધુ ક્લાસીસ સંચાલકો પાસે પહોંચ્યાની સંભાવના...

સાબરકાંઠા પોલીસે મુખ્ય સૂત્રધાર ગણાવેલા જયેશ પટેલની અટકાયત પછી રીમાન્ડ દરમ્યાન પૂછપરછમાં ક્લાસીસ સંચાલકો સુધી પેપર પહોંચ્યાનું અનુમાન છે. તા.૧૦ ડિસેમ્બરે હેડક્લાર્કની પરીક્ષાનું પ્રશ્નપત્ર સાણંદ પ્રેસમાંથી બહાર આવી ગયું અને માત્ર ૪૮ ક્લાકમાં ગ્રાહકો શોધવા અઘરા હતા. આ સંજોગોમાં જયેશ પટેલ અને તેના ભત્રીજા દેવલ પટેલે ગાંધીનગર તેમજ જિલ્લાના ક્લાસીસ સંચાલકોનો સંપર્ક કરી મોટું ડીલ કર્યાની સંભાવના છે. તપાસ હવે નિષ્પક્ષ થાય તેવું બેરોજગારો ઈચ્છી રહ્યા છે.

### જિલ્લાના 3 થી વધુ પેપર ખરીદનારા ઉમેદવારોની અટકાયતની સંભાવના

પેપર લીક પ્રકરણ પછી પેપર ખરીદનારી ૨ મહિલા ઉમેદવારો સહિત ૪ ઉમેદવારોની અટકાયત કરી છે પરંતુ પેપર લીક થયા પછી કરોડો રુપિયા ભેગા કરવા માટે અસંખ્ય ઉમેદવારો સુધી છેલ્લી ઘડીએ જે પૈસા મળે તેમાં આપ્યાની સંભાવના છે. આ જોતાં આગામી ૪૮ ક્લાકમાં જિલ્લાના ૩ થી વધુ પેપર ખરીદનારા ઉમેદવારોની અટકાયતની સંભાવના છે અને તે મોટે ભાગે પ્રાંતિજ, હિંમતનગર અને તલોદ પંથકના હોવાનું અનુમાન છે.

લીક થતાં પરીક્ષા રદ કરવામાં આવી છે. સાબરકાંઠાગાંધીનગર પોલીસે અત્યાર સુધીમાં ૨૩ જેટલા આરોપીઓની લાખો રુપિયાની રોકડ સાથે અટકાયત કરી છે. છેલ્લા ૨ દિવસથી સંભળાઈ રહી છે. પ્રેસ કોન્ફરન્સમાં તપાસ અધિકારી નાયબ પોલીસ વડા ક્યાંય દેખાતા નથી..?? તે મુદ્દો તપાસ કરતાં પણ વધુ ચર્ચામાં છે, પેપર ખરીદનારા ઉમેદવારોને જેલમાં ધકેલાયા

પેપર લીક પ્રકરણની ઘટના સામે આવી, પેપર ઉછા, પોગલું. કાંણીયોલ અને હિંમતનગરમાં સોલ્વ કરવામાં આવ્યું અને ત્યારબાદ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં સાબરકાંઠા એલ.સી.બી. પી.આઈ., એમ.ડી.ચંપાવતે પેપર લીક કરનારા મુખ્ય આરોપીઓ સહિત ૧૧ જણા સામે ગુનો નોંધાયો ત્યારથી કેટલાક આરોપીઓ અગાઉથી પોલીસના સકંજામાં હતા. તબક્કાવાર આરોપીઓની અટકાયત અને પેપર ખરીદનારા ઉમેદવાર, આરોપીઓના નામ પોલીસ જણાવવા લાગી. પરંતુ આ સમગ્ર પ્રકરણમાં ક્યાંકને ક્યાંક દાવપેચ થયાની ચર્ચાઓ શરૂ થઈ છે. છેલ્લા ૨-૩ દિવસથી તપાસ અધિકારીએ મોબાઈલ ઉપાડવાનું બંધ કરી દીધું છે. તપાસ ગુપ્ત રીતે ચાલતી હોવાથી તેને અસર ન થાય તે મહત્વનું છે પરંતુ મીડીયાને પણ કેટલીક માહિતીની જરૂરીયાત હોય છે પરંતુ જે રીતે જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓ વચ્ચે દિવસે દિવસે સંકલનનો અભાવ ઉભો થયો છે તે જોતાં ઉચ્ચ અધિકારીખોમાં જ તપાસ મુદ્દે તડાં ઉભાં થયાની આશંકા છે. તપાસમાં જે રીતે આરોપીઓને તબક્કાવાર પકડીને રીમાન્ડ માટે કોર્ટમાં રજૂ કરવામાં આવી રહ્યા છે તે જોતાં આવનારા દિવસોમાં ખુદ પોલીસ તંત્ર ઉપર પસ્તાળ પડે તેવી સંભાવના ઉભી થઈ છે. જિલ્લામાં પેપર લીક પ્રકરણના આરોપીઓ પકડાયા ત્યાર પછી જિલ્લા પોલીસ વડા દ્વારા યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં તપાસ અધિકારીને કેમ સાથે રખાયા ન હતા..?? તેવા અનેક પ્રશ્નો હવે આકાર લઈ રહ્યા છે.

## આજે રાજપૂત સમાજના સ્નેહમિલન સાથે લોક ડાયરાનું આયોજન

ગાંધીનગર તા.૨૭

ગાંધીનગર જીલ્લા રાજપુત તથા મહિલા સમાજના સંગઠન દ્વારા તા.૨૮મી ડિસેમ્બર મંગળવારે સાંજે ૪ કલાકે ચિલોડા માર્ગ પર આલમપુર ખાતે નવા રાજપૂત સમાજ ભવનની પ્રસ્તાવિત જગ્યા પર રાજપૂત સમાજના સ્નેહમિલન કાર્યક્રમ સાથે સુપ્રસિદ્ધ લોક કલાકાર રાજભા ગઢવીનો ભવ્ય ડાયરો યોજાશે. આ પ્રસંગે સભાના અધ્યક્ષ પદે ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ ઉપરાંત આમંત્રિત મહેમાનોમાં રાજ્ય સરકારના વન અને પર્યાવરણ મંત્રી કિરીટસિંહ રાણા, શિક્ષણ રાજ્યમંત્રી કિર્તીસિંહ વાઘેલા, પૂર્વ ગૃહ રાજય મંત્રી પ્રદિપસિંહ જાડેજા, જીઆઈડીસીના ચેરમેન બળવંતસિંહ રાજપૂત, જીટીપીએલના ડાયરેકટર કનકસિંહ રાણા, ભાજપના મહામંત્રી પ્રદીપસિંહ વાઘેલા સહિતના આગેવાનો ઉપસ્થિત રહેશે.





## વન સંરક્ષણનું કાર્ય કરતાં શ્રમિકોને ધાબળા વિતરણ કરાયું

ગાંધીનગર શહેર વસાહત મંડળ દ્વારા પ્રતિવર્ષ શહેરમાં શ્રમિકોને શિયાળાની કડકડતી ઠંડીમાં ગરમ ધાબળા તથા ઉનાળાની ગરમીમાં પગરખાનું વિતરણ જેવી સેવા પૂરી પાડવામાં આવે છે. આજે મહામંડળ દ્વારા હાર્દજ્ઞ ધનંજય જોશીના જન્મદિવસનાં ઉપક્રમે વનચેતના કેન્દ્ર ખાતે વન સંરક્ષણનું તથા વન વિકાસનું કામ કરતા શ્રમજીવીઓને ઠંડીમાં રક્ષણ મળે તે હેતુથી ધાબળા વિતરણ કરવામાં આવ્યું હતું. આ ધાબળા વિતરણ હાર્દજ્ઞ જોશીના હસ્તે કરવામાં આવ્યું હતું જેમના પરિવારે જન્મદિનની ઉજવણીમાં ખોટા ખર્ચાઓ કરવાને બદલે સેવા કાર્યો કરવાનું પ્રેરક ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

આ સેવાકાર્યમાં જ્યોતિ મહિલા મંડળના પ્રમુખ ડો.ચેતના બુચ અને હાર્દજ્ઞના માતા-પિતા નિરાલી જોશી અને ધનંજય જોશી ઉપરાંત શહેર વસાહત મહામંડળના પદાધિકારીઓ અરૂણ બુચ, મૂકેશ શુકલ, શશિકાંત મોઢા તથા પ્રદિપસિંહ સોલંકીએ ઉપસ્થિત રહી વિતરણ વ્યવસ્થા ગોઠવી હતી. આ પ્રસંગે ગાંધીનગર રેન્જના આરએફઓ ભરત દેસાઈની ઉપસ્થિતિમાં ધાબળા વિતરણ કાર્ય સંપન્ન કરવામાં આવ્યું હતું. શહેર વસાહત મહામંડળ દ્વારા ગાંધીનગરમાં ખુલ્લામાં રહેતા જરૂરિયાતમંદ શ્રમજીવી પરિવારોને શિયાળાની ઠંડીમાં રાહત પૂરી પાડવાના સેવાકાર્યમાં શહેરીજનોને જોડાવા અપીલ કરવામાં આવી હતી.

### પગલાં...

● અનુસંધાન પહેલાનું ચાલુ

પરંતુ, અહીં એક પ્રશ્ન છે કે જો કોઈ કરદાતા નિર્ધારિત તારીખ સુધીમાં આઈટીઆર ફાઈલ કરવામાં અસમર્થ હોય, તો નિષ્ણાતોના મતે, જે કરદાતાઓ નિયત તારીખ ચૂકી ગયા છે તેઓ હજુ પણ છેલ્લી તારીખ અથવા છેલ્લી સમયમર્યાદા સુધી તેમનો આઈટીઆર ફાઈલ કરી શકશે. નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે આઈટીઆર ફાઈલ કરવાની છેલ્લી તારીખ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૧ છે, જ્યારે છેલ્લી તારીખ ૩૧ માર્ચ, ૨૦૨૨ છે.

જો કોઈ આવકવેરાદાતા આઈટીઆર ફાઈલ કરવાની છેલ્લી તારીખ ચૂકી જાય છે, તો પણ તેઓ તેને છેલ્લી તારીખ એટલે કે ૩૧ માર્ચ, ૨૦૨૨ સુધી ફાઈલ કરી શકે છે. આ વર્ષે નિયત તારીખ લંબાવવામાં આવી હોવાથી, છેલ્લી તારીખ પણ ૩૧ માર્ચ, ૨૦૨૧ સુધી લંબાવવામાં આવી છે. જો કે, નિયત તારીખ પછી આઈટીઆર ફાઈલ કરનારાઓ માટે સમસ્યા હશે. તેઓ ચાલુ વર્ષ માટે કોઈપણ ખોટ કેરી ફોરવર્ડ કરી શકશે નહીં અને ચાલુ વર્ષની આવક સામે સેટ ઓફ કરી શકાશે નહીં. તેથી, રૂ. ૨ લાખથી વધુની મુખ્ય હાઉસ

પ્રોપર્ટી હેઠળ બિઝનેસની આવક અથવા મૂડી લાભ અથવા નુકસાન પછીના વર્ષ સુધી લઈ જઈ શકાશે નહીં. સરળ શબ્દોમાં કહીએ તો, જે વ્યક્તિઓ આગામી આઈટીઆર ફાઈલિંગની નિયત તારીખ ચૂકી જાય છે તેઓ આગામી વર્ષ સુધી કોઈપણ નુકસાનને આગળ વહન કરી શકશે નહીં.

કરદાતાઓએ ધ્યાન રાખવાની જરૂર છે તે અન્ય પરિબળ એ છે કે જો તેઓ વિલંબના સમયગાળા માટે ચૂકવવામાં આવેલા વધારાના કર માટે રિફંડ માટે હકદાર હોય તો તેમને વ્યાજનો લાભ મળી શકશે નહીં. આનું કારણ એ છે કે જો કરદાતાઓ નિયત તારીખ ચૂકી જાય તો વિલંબ માટે તેઓને જવાબદાર ગણવામાં આવશે. જેઓ નિયત તારીખ સુધીમાં તેમનો ટેક્સ ભરવામાં નિષ્ફળ જાય છે તેઓ આઈટીઆર ફાઈલ કરતી વખતે ફરજિયાતપણે રૂ. ૫,૦૦૦ ની ફી ચૂકવશે, જો કરપાત્ર આવક રૂ. ૫,૦૦,૦૦૦ થી વધુ હોય. જો કરપાત્ર આવક રૂ. ૫,૦૦,૦૦૦થી ઓછી હોય તો લેટ ફી રૂ. ૧,૦૦૦ હશે.

જો કોઈ વ્યક્તિ વિસ્તૃત નિયત તારીખ (માર્ચ ૩૧, ૨૦૨૨) સુધીમાં આઈટીઆર ફાઈલ કરવામાં નિષ્ફળ જાય, તો આવકવેરા વિભાગ લઘુત્તમ દંડ પણ લાદી શકે છે જે ટેક્સના ૫૦ ટકા જેટલો છે જે આઈટીઆર ફાઈલ ન કરવાથી ટાળવામાં આવ્યો હોત. નોંધપાત્ર રીતે, વર્તમાન આવકવેરા કાયદા ૧૦,૦૦૦ રૂપિયાથી વધુના કરને ટાળવા માટે ઓછામાં ઓછા ત્રણ વર્ષની અને વધુમાં વધુ સાત વર્ષની જેલની સજાની છૂટ આપે છે.

### સ્વઘોષણા પ્રથા...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરી જ્યાં યોગ્ય જણાય ત્યાં સ્વઘોષણની વ્યવસ્થા દાખલ કરવા રાજ્ય સરકારના અલાયદા આદેશો મેળવવાના રહેશે. ત્યાં સુધી પ્રવર્તમાન વ્યવસ્થા ચાલુ રહેશે તેમ પણ આ સૂત્રોએ જણાવ્યું છે.

સ્વઘોષણામાં ખોટી વિગતો આપવામાં આવી છે તેવુ ધ્યાને આવશે તો સંબંધિત કચેરી દ્વારા ખોટી માહિતી આપનાર વ્યક્તિ સામે આઈપીસીની કલમ ૧૭૭, ૧૯૧, ૧૯૯ અન્વયે કાયદેસરની કાર્યવાહી કરવાની રહેશે.

### કોલ્ડવેવમાં રાહત...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે ગઈકાલની સાપેક્ષમાં આજે લઘુત્તમ તાપમાનમાં ૨ ડીગ્રીનો તફાવત જોવા મળ્યો હતો. ઠંડીનુ જોર હળવુ થયુ હતુ. લઘુત્તમ તાપમાન આજે ઘટાડા સાથે ૧૩ ડીગ્રી રહ્યુ હતુ. ગઈકાલે મહત્તમ તાપમાન ૨૮ ડીગ્રીએ રહ્યુ હતુ. જયારે આજે દિવસનુ તાપમાન પણ ઉંચકાતા દિવસે આકરી ઠંડી અનુવતા નગરજનોએ રાહત અનુભવી હતી. દિવસ દરમિયાન હળવી ગરમીનો અહેસાસ કરતા નગરજનોએ શીત લહેરમાં રાહત અનુભવી હતી.

શહેરમાં કાતિલ ઠંડી વચ્ચે મોસમનો મિજાજ વારંવાર બદલાતો રહે છે. ત્યારે ઠંડીના પારાની ચઢ ઉતર વચ્ચે કયારેક વાદળિયા વાતાવરણમાં નગરજનો મોસમના વિચિત્ર મિજાજથી સુસ્તીનો શિકાર બની રહ્યા છે. ઠંડીના પ્રમાણમાં સતત વધઘટ થતી રહેતા એક દિવસ આકરી ઠંડી તો બીજા દિવસે થોડી રાહત સાથે શહેરીજનો શિયાળાની મોસમની મજા માણી રહ્યા છે. જો કે આગામી દિવસોમાં ઠંડીની મોસમ હજુ આકરી પુરવાર થશે લઘુત્તમ તાપમાન પણ સિંગ્લ ડીઝીટમાં આવી જશે તેમ પણ મનાઈ રહ્યુ છે. આકરી બનતી ઠંડી સાથે કોરોનાનો કહેર વધી રહ્યો છે. જયારે કોલ્ડવેવની અસરથી જનઆરોગ્ય પણ પ્રભાવિત છે. ઠંડીના કહેર વચ્ચે નગરજનો તંદુરસ્તી જાળવવા માટે પણ વધુ જાગૃત બન્યા છે.

### વિવિધ રૂટમાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળે છે. સાંજના સમયે ઉત્તર ગુજરાતના વિવિધ આ રૂટમાં ટ્રાફિક પણ વધુ રહે છે. અલબત્ત મુસાફરોની સંખ્યા વધુ હોય છે જેને અનુલક્ષીને સાંજના સમયે ડેપોમાંથી ઉત્તર ગુજરાતના વિવિધ રૂટ માટે યોગ્ય બસ સેવા મળી રહે તે માટે વારંવાર રજુઆત કરવામાં આવી રહી છે. પરંતુ હજુ સુધી આ વ્યવસ્થા ન ગોઠવાતા મુસાફરોએ આખરે ખાનગી વાહનોમાં જોખમી મુસાફરી કરવી પડે છે. ગાંધીનગર પાટનગર હોવાના લીધે સરકારી કામકાજ અર્થે આવતા મુલાકાતીઓની સંખ્યા પણ વધુ હોય છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ પણ અભ્યાસ માટે તેમજ અન્ય કામ માટે ગાંધીનગર આવતા હોય છે આ સ્થિતિ વચ્ચે તેમને યોગ્ય બસ સેવા ન મળતા મુલાકાતીઓ સહીત અપડાઉનકર્તાઓમાં પણ રોષ પ્રવર્તયો છે. ગાંધીનગર ડેપોથી સાંજના સમયે ઉત્તર ગુજરાતના વિવિધ રૂટ માટે યોગ્ય બસ સેવા ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા કરવા માટે પણ પ્રબળ રજુઆત કરવામાં આવી છે.

### સરપ્રાઈઝ વિઝિટ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળે છે કે નહીં તે અંગે સમીક્ષા કરી હતી. મુલાકાત દરમિયાન મુખ્યમંત્રીએ હોસ્પિટલના સફાઈ કર્મચારીઓ સહિત વોર્ડ બોય સાથે પણ વાતચીત કરી હતી. તેમણે હોસ્પિટલમાં કોવિડ અને ઓમિક્રોન વોર્ડની મુલાકાત લઈને સુવિધા અને સારવાર અંગેની તૈયારીઓની સમીક્ષા કરી હતી.

મુખ્યમંત્રીએ સારવાર લઈ રહેલા ઈન્ડોર પેશન્ટ્સ સાથે વાતચીત કરી માહિતી મેળવી હતી, એટલું જ નહિ હોસ્પિટલમાં કાર્યરત કર્મચારીઓ સાથે પણ વાતચીત કરી સાફ સફાઈ, દવાઓ, દર્દીઓને અપાતી સુવિધાઓની જાત માહિતી મેળવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે અત્યારે રાજ્યમાં કોરોના મહામારીના નવા વેરિઅન્ટ ઓમીક્રોનના વધતાં સંક્રમણની સ્થિતિમાં મુખ્યમંત્રીની ગાંધીનગર સિવિલ હોસ્પિટલની અચાનક મુલાકાત ચર્ચાને ચકડોળે ચઢવા પામી છે.